# <u>Circular</u>

ક્રમાંક:બીજેમેકો/ડેવ.સોસા./સીએમઈ/ ૧૨૧૦-૪૯ /૨૦૧૭
ડીનશ્રીની કચેરી,
બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ
તા. ૨૦/૧૨/૨૦૧૭

70

**વિષય :– સને ૨૦૧૮ માં CME/Workshop/Conference યોજવા બાબત...**

**સંદર્ભ :– આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણના કમિશનરશ્રીની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના આદેશ ક્રમાંક:ડીએમઈઆર/સીએમઈ/કોન્ફરન્સ/ખર્ચ મંજુરી/૨૦૧૭–૧૮/એ–૨ /૧૨૫૨૪–૩૭, તા.૨૬/૭/૧૭**

આથી નીચે જણાવેલ તમામ વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હીના નોર્મ્સ મુજબ દરેક વિભાગે વર્ષમાં બે સી.એમ.ઈ. પ્રોગ્રામ યોજવાના રહે છે. આથી માહે જાન્યુઆરી–૨૦૧૮ થી ડીસેમ્બર ૨૦૧૮ દરમ્યાન નીચે જણાવેલ વિભાગની સામે નિયત કરેલ તારીખે અત્રેની સંસ્થાના ઓડીટોરીયમ / સંસ્કૃતિ હોલમાં સી.એમ.ઈ. પ્રોગ્રામનું આયોજન દરેક વિભાગે કરવાનું રહેશે. જે અંગે આપના વિભાગ ધ્વારા સી.એમ.ઈ.ના આયોજન માટે ડીનશ્રીની ઓફિસના રજીસ્ટરમાં ઓડીટોરીયમ / સંસ્કૃતિ હોલનું રજીસ્ટ્રેશન અત્રેથી નિયત કરેલ સી.એમ.ઈ.ની તારીખ મુજબ દિન–૧૫ પહેલાં કરાવવાનું રહેશે. આ.અંગે બીડાણે સામેલ વિગતવાર ખર્ચની માર્ગદર્શિકાનો અભ્યાસ કરવાનો રહેશે.

અત્રેથી CME/Workshop/Conference અંગેની નિયત તારીખ મુજબ સી.એમ.ઈ. યોજતા પૂર્વે ક્રેડીટ અવર્સ મેળવવા માટે ડીનશ્રી મારફતે રજીસ્ટ્રારશ્રી, ગુજરાત મેડીકલ કાઉન્સીલ, અમદાવાદને દરખાસ્ત કરવાની રહેશે, ક્રેડીટ અવર્સ મેળવ્યાં બાદ અત્રેની સંસ્થા ખાતે નિયત રજીસ્ટરમાં ક્રેડીટ અવર્સની નોંધ તમામ વિભાગના વડાશ્રીએ અચુક કરવાની રહેશે.

| Sr. No. | Name of the Dept. | CME/Workshop/Conference Date & Day | |
|---|---|---|---|
| | | **SATURDAY** | **SUNDAY** |
| 1 | Anatomy | 06-01-2018 | 27-05-2018 |
| 2 | Physiology | 13-01-2018 | 03-06-2018 |
| 3 | Biochemistry | 20-01-2018 | 10-06-2018 |
| 4 | Forensic Medicine | 27-01-2018 | 17-06-2018 |
| 5 | Pharmacology | 03-02-2018 | 24-06-2018 |
| 6 | Pathology | 10-02-2018 | 01-07-2018 |
| 7 | Microbiology | 17-02-2018 | 08-07-2018 |
| 8 | Surgery | 24-02-2018 | 15-07-2018 |
| 9 | Gynecology | 03-03-2018 | 22-07-2018 |
| 10 | Medicine | 10-03-2018 | 29-07-2018 |
| 11 | Orthopedics | 17-03-2018 | 05-08-2018 |
| 12 | Radiology | 24-03-2018 | 12-08-2018 |
| 13 | ENT | 31-03-2018 | 19-08-2018 |
| 14 | Ophthalmology | 07-04-2018 | 02-09-2018 |
| 15 | Anesthesia | 21-04-2018 | 09-09-2018 |
| 16 | TB & Chest | 28-04-2018 | 16-09-2018 |
| 17 | Skin & VD | 05-05-2018 | 23-09-2018 |
| 18 | Pediatrics | 12-05-2018 | 30-09-2018 |
| 19 | Plastic Surgery | 19-05-2018 | 07-10-2018 |
| 20 | Urology | 26-05-2018 | 14-10-2018 |
| 21 | IHBT | 02-06-2018 | 21-10-2018 |
| 22 | Community Medicine | 09-06-2018 | 28-10-2018 |
| 23 | Psychiatry | 23-06-2018 | 04-11-2018 |
| 24 | Neuro Surgery | 30-06-2018 | 18-11-2018 |
| 25 | Pediatric Surgery | 07-07-2018 | 25-11-2018 |
| 26 | Emergency Medicine | 14-07-2018 | 02-12-2018 |
| 27 | Medical Oncology | 21-07-2018 | 09-12-2018 |
| 28 | Oncology Surgical | 28-07-2018 | 16-12-2018 |
| 29 | Cardiology | 04-08-2018 | 23-12-2018 |
| 30 | Nephrology | 11-08-2018 | 30-12-2018 |

ઉપરોકત કાર્યક્રમ મુજબ શૈક્ષણિક વિભાગો મારફતે યોજવામાં આવનાર સી.એમ.ઈ./વર્કશોપ/કોન્ફરન્સમાં થનાર ખર્ચ માટે કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર સંદર્ભ હેઠળના આદેશની શરતો તેમજ અત્રેની ડેવલોપમેન્ટ સોસાયટી મારફતે આદેશની શરતો અને સુચનાઓને આધિન વિભાગદીઠ અને કાર્યક્રમદીઠ રૂા.૧.૦૦ લાખની મર્યાદામાં થયેલ ખર્ચ મંજુર કરવામાં આવશે. જે અંગેની વિસ્તૃત માર્ગદર્શિકા નીચે મુજબ છે. જેનો ચુસ્તપણે અભ્યાસ કરી અમલ કરવાનો રહેશે.

**CME/Workshop/Conference ના આયોજન માટે નીચેની વિગતેના હેડમાં રૂા.૧,૦૦,૦૦૦/– ની મર્યાદામાં વિભાગ ધ્વારા ખર્ચ કરવા અંગે અંદાજીત ખર્ચની માર્ગદર્શિકા દર્શાવતું પત્રક:**

| Sr. No. | Detail Head | Quantity | Total Rs. | Remarks/ Instruction |
|---|---|---|---|---|
| 1 | Asmita Bhavan Hall Rent/ Hotel Hall Rent/ Audio-Visual Rent | Only One day | 10000.00 | સદર ખર્ચ નિયમોનુસાર ખર્ચ મર્યાદામાં મંજુર કરવામાં આવશે. |
| 2 | Momentos for Faculties / Guests Lecturer | As per required Quantity | 1500.00 | સદર ખર્ચ મર્યાદામાં મંજુર કરવામાં આવશે. |
| 3 | Conference Kit (Writing pad, Ball Pen, Plastic Folder) | As per required Quantity | 5000.00 | કોન્ફરન્સ કીટ અંગે રાઈટીંગ પેડ, બોલ પેન અને ફોલ્ડર માટેના ખર્ચ મર્યાદામાં મંજુર કરવામાં આવશે.<br>__ખાસ નોંધ:__–પેન ડ્રાઈવ કે અન્ય ઈલેકટ્રોનીક વસ્તુઓને ખરીદી શકાય નહી. તેવા ખર્ચને મંજુર કરવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી. |
| 4 | Bouquets / Flowers | As per required | 1000.00 | સદર ખર્ચ મર્યાદામા મંજુર કરવામાં આવશે. |
| 5 | Photographs/ Videography | As per required Quantity | 3000.00 | ફોટોગ્રાફસ/વિડીયોગ્રાફીની CD/DVD રજુ કરવાની રહેશે. |
| 6 | Banner Size 6'x3' | As per required Quantity | 1000.00 | સદર ખર્ચ મર્યાદામાં મંજુર કરવામાં આવશે. |
| 7 | Travel of International / National Faculties & Annexi Stay Bill ) (Air Ticket With To & fro boarding Pass Essentials)<br>OR<br>Travel of 2nd AC Train Ticket /Own Car & DA As per Govt. Rules From time to time | As per required person | 25000.00 (Maximum) | નેશનલ/ઈન્ટરનેશનલ ફેકલ્ટી માટે ફકત એર ટીકીટના ખર્ચ મંજુર કરવામાં આવશે. એનેક્ષી ભવનમાં રોકાણ અંગેના ખર્ચ મંજુર કરી શકાશે. __પરંતુ ખાનગી હોટેલમાં રોકાણ માટેના ખર્ચ મંજુર કરી શકાય નહી.__ જે અંગે એર ટીકીટ અને બોર્ડીંગ પાસ ફરજીયાત રજુ કરવાના રહેશે. અન્યથા બીલની રકમ ચુકવણી કરવામાં આવશે નહિ. અથવા ટ્રેન ટીકીટ/ પોતાની કારમાં કરેલ મુસાફરીના ખર્ચ સરકારશ્રીના નિયમોનુસાર ખર્ચ મર્યાદામાં મંજુર કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી. |
| 8 | Guest Lecture | As per required Lecturer | 3000.00 | આમંત્રિત કરેલ બહારના ગેસ્ટ લેકચરને લેકચરદીઠ રૂા.૫૦૦/– મંજુર કરવામાં આવશે. વધુમાં વધુ છ ગેસ્ટ લેકચરરને મળવાપાત્ર રહેશે. જે અંગે તેઓને આમંત્રણ પત્રિકા/ ઈ–મેઈલ/પત્રથી જાણ કરતા પત્રની નકલ રજુ કરવાની રહેશે. સ્થાનિક ગેસ્ટ લેકચરરને મહેનતાણું મળવાપાત્ર નથી. |
| 9 | Stationery & Printing | As per required Quantity | 6000.00 | સદર ખર્ચ મર્યાદામાં જરૂરીયાત મુજબની સ્ટેશનરી આમંત્રણ પત્રિકા/પોસ્ટર પ્રિન્ટીંગ, બાઈન્ડીંગ, ઝેરોક્ષ અને પેપર પ્રિન્ટીંગ અને અન્ય જરૂરીયાત મુજબ થયેલ ખર્ચ મંજુર કરવામાં આવશે. |
| 10 | CME Certificat | As perrequired Quantity | 2000.00 | સી.એમ.ઈ. સર્ટીફિકેટ એમ.સી.આઈ.ની માર્ગદર્શિકા મુજબ છપાવવામાં આવેલ છે તેથી અત્રેની સોસાયટી મારફતે ફાળવવામાં આવશે. આ અંગે લેખિતમાં અરજી કરવાની રહેશે અને વપરાશ થયેલ સર્ટીફિકેટનું યુટીલાઈઝ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે. |

(72)

| | | | | |
|---|---|---|---|---|
| 11 | Snacks / Tea/ Coffee/ High Tea | As per required person | 5000.00 | આ અંગેના ખર્ચ માટે સરકારશ્રીના રીફ્રેશમેન્ટ ચાર્જીસ મુજબ માન્ય કવોટેશન પધ્ધતિથી થયેલ ખર્ચ મંજુર કરવામાં આવશે. જે અંગે ડીનશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. તેમજ થયેલ ખર્ચના બીલની કુલ રકમ ઉપર ટી.ડી.એસ. કપાત કરી ચુકવવાપાત્ર રકમ ચેકથી ચુકવણી કરી જેની પેમેન્ટ રીસીપ્ટ બીલની સાથે સામેલ રાખી રજુ કરવાની રહેશે.સદર ખર્ચ મર્યાદામાં મંજુર કરવામાં આવશે. |
| 12 | Lunch/Dinner | As per required person | 35000.00 | |
| 13 | Miscellaneous ( Disposable, Xerox, water etc) | As per required Quantity | 2500.00 | સદર ખર્ચ જરૂરીયાત પડે તેવી વસ્તુઓ માટે જ ખર્ચ કરવો. અને તેટલાં ખર્ચ મર્યાદામાં મંજુર કરવામાં આવશે. |
| Total Amount Rs. One Lakh Only | | | 1,00,000.00 | |

➤ આપના વિભાગ ધ્વારા સી.એમ.ઈ./વર્કશોપ / કોન્ફરન્સ પ્રોગ્રામ માટે નીચે દર્શાવેલ શરતો/સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. આપના વિભાગ ધ્વારા નક્કી કરેલ સી.એમ.ઈ. ટોપીકની તમામ વિગતો તથા તે અંગે થનાર ખર્ચની વિગતો અત્રેની સંસ્થાના "સભ્ય સચિવશ્રી, બી. જે. મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી, અમદાવાદ"ને રજુ કરવાની રહેશે.

૨. અત્રેથી નિયત કરેલ તારીખ મુજબ કોઈ કારણોસર સંજોગોવસાત CME/Workshop/Conference પ્રોગ્રામ ન યોજાય તો તે અંગેના કારણો સહ ડીનશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે. તેમજ નવી તારીખ મેળવવા અંગેની જવાબદારી સંબંધિત વિભાગના વડાશ્રીની રહેશે.

૩. દરેક વિભાગદીઠ દર પ્રોગ્રામ દીઠ થનાર ખર્ચ જે તે વિભાગ ધ્વારા અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર મારફતે અનુદાન જો ન મેળવેલ હોય તો આ અંગેના ખર્ચની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ની મર્યાદામાં બી. જે. મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી, અમદાવાદ ધ્વારા મંજુર કરવામાં આવશે. આ અંગે થનાર અંદાજીત ખર્ચ પત્રક સાથે વિગતવાર દરખાસ્ત પ્રોગ્રામના ૧૫ દિન પહેલા મોકલી આપવાનું રહેશે.

૪. ઉક્ત પ્રોગ્રામના ખર્ચ માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ નથી કે અન્ય કોઈપણ સોર્સ મારફતે અનુદાન મેળવેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર વિભાગના વડાશ્રીએ ફરજીયાત આપવાનું રહેશે. ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે. જો સરકારશ્રીમાં આ અંગેની દરખાસ્ત કરવામાં આવે કે અનુદાન મેળવવામાં આવે તો તેવા કિસ્સામાં અત્રેની ડેવલોપમેન્ટ સોસાયટી ધ્વારા ખર્ચ મંજુર કરવામાં આવશે નહી.

૫. જો આપના વિભાગ મારફતે રૂા.૧,૦૦,૦૦૦/– થી વધુ ખર્ચ થવાની સંભાવના હોય તો આ અંગે સ્પોન્સરશીપ/ રજીસ્ટ્રેશન ફી રાખવાની રહેશે. તેવા ખર્ચને સ્પોન્સરશીપ/ રજીસ્ટ્રેશન ફીની ઉપજમાંથી કરવાનો રહેશે.

૬. જે તે વિભાગ CME/Workshop/Conference પ્રોગ્રામના થનાર ખર્ચ અંગે સરકારશ્રીની નિયત પધ્ધતિ અનુસરવાની રહેશે જે અંગે રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ની મર્યાદામાં થયેલ ખર્ચ મંજુર કરવામાં આવશે. જે અંગે આપના વિભાગના રજુ કરવામાં આવેલ અંદાજીત ખર્ચપત્રકને ઘ્યાને લઈ એડવાન્સ ખર્ચ પેટે રકમ ચેકથી ફાળવવામાં આવશે. જે અંગે દરેક વિભાગ પાસે બેંક ખાતું હોવું જરૂરી છે. ત્યારબાદ આપના વિભાગ ધ્વારા થયેલ ખર્ચના તમામ હિસાબો અને બીલો/વાઉચરો અને આધારપુરાવા તેમજ યોજવામાં આવેલ CME/Workshop/ Conference અંગેના રીપોર્ટની નકલ રજુ કરવાના રહેશે. થયેલ ખર્ચના તમામ બીલો/વાઉચરોમાં ઉપરોક્ત હેડ મુજબ ફરજીયાત પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૭. આપના વિભાગ ધ્વારા CME/Workshop/Conference માં રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ની મર્યાદામાં થયેલ તમામ હિસાબો અત્રેની સોસાયટીની માર્ગદર્શિકા મુજબ થયેલ ખર્ચની ખરાઈ થયા બાદ જો યોગ્ય જણાય તેવા બીલો/ખર્ચ મંજુર થયા બાદ જ તફાવતની રકમની ચુકવણી કરવામાં આવશે. જે અંગે થયેલ ખર્ચના તમામ બીલો "પ્રાધ્યાપક અને વડાશ્રી,........... વિભાગ, બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદના નામે બીલો મેળવવાના રહેશે અને તેવા બીલોમાં વિભાગના વડાશ્રીએ કયા હેતુ માટે ખર્ચ કરેલ છે જે અંગે પ્રમાણપત્ર ફરજીયાત આપવાનું રહેશે અને સંબંધિત ખર્ચના આધાર પુરાવા સાથે સી.એમ.ઈ. પૂર્ણ થયા બાદ દિન–૨માં અત્રેની કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટીમાં રજુ કરવાના રહેશે. તેમજ કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગરને ખર્ચ અહેવાલ અને પ્રમાણિત વાઉચરોની ઝેરોક્ષ નકલ મોકલીઆપવાની રહેશે.

૮. CME/Workshop/Conference અંતર્ગત થયેલ ખર્ચના જરૂરી વાઉચર / બીલ રજુ કરવાના રહેશે અન્યથા ખર્ચ મજરે મળશે નહી. વધુમાં CME/Workshop/Conference માટે ચા–નાસ્તો અને જમવાનો તેમજ અન્ય તમામ ખર્ચ અંગે ખર્ચ મર્યાદામાં કરવાનો રહેશે. તેમજ તમામ ખર્ચ કરતા પૂર્વે લેખિતમાં ડીનશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૯. પેઈન ડ્રાઈવ, ઈલેક્ટ્રોનીક આઈટમ, ઈન્સ્ટ્રુમેન્ટ અને અન્ય ઈકવીપમેન્ટ જેવી મોટી સાધન–સામગ્રીની ખરીદી શકાશે નહી. જે અંગેના ખર્ચના બીલો અત્રેથી મંજુર કરવામાં આવશે નહી. આ અંગે જે તે વિભાગના વડાશ્રીની જવાબદારી અંગત રહેશે.

૧૦. ઉપરોક્ત હેડ મુજબ થયેલ ખર્ચના હિસાબો જસ્ટીફિકેશન સાથે તેમજ તમામ બીલોને અલગ અલગ પેઈજમાં ચોંટાડીને વિભાગના વડાશ્રી અને સી.એમ.ઈ. ના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી/ઈન્ચાર્જશ્રી મારફતે સંયુક્ત પ્રમાણપત્ર ફરજીયાત આપવાનું રહેશે.

૧૧. ઉપરોક્ત CME/Workshop/Conference ના ખર્ચના નાણાં મેળવવા માટે સૌપ્રથમ દરેક વિભાગ પાસે બેંક ખાતું ખોલાવેલું હોવું જોઈએ. જો શૈક્ષણિક વિભાગ પાસે બેંક ખાતુ ન હોય તો બેંક ખાતું ફરજીયાત ખોલાવવાનું રહેશે. ત્યાર બાદ આગળની કાર્યવાહી કરવાની રહેશે. બેંક ખાતાની વિગતો પુરી પાડયેથી અત્રેથી ફંડ ફાળવવામાં આવશે.

આ ઉપરાંત સરકારશ્રી / ડેવલોપમેન્ટ સોસાયટીની કમિટી મારફતે વખતો વખત ઉપરોક્ત ખર્ચ માટે સુચનાઓ /આદેશ આપવામાં આવે તો તેવી સુચનાઓનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

<u>ખાસ નોંધ</u>:–

અત્રેથી નિયત થયેલ હેડ સિવાય અન્ય કોઈ વિગતેના ખર્ચ મંજુર કરવામાં આવશે નહી. **CME/Workshop/Conference** માટેની વિગતવાર દરખાસ્ત માટે તેમજ અન્ય જરૂરી કામગીરી માટે પત્રવ્યવહારની કોઠાસુઝ પ્રમાણેના નમૂના બીડાણે સામેલ છે. જે મુજબ જ તમામ વિભાગે કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને ગ્રાહય રાખવામાં આવશે.

આ પરિપત્રમાં નિર્દેશિત સંબંધિત તમામ વિગતોની તમામ વિભાગના વડાશ્રીએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ડીન<br>
બી. જે. મેડીકલ કોલેજ<br>
અમદાવાદ

પ્રતિ<br>
પ્રાધ્યાપક અને વડાશ્રી, તમામ શૈક્ષણિક વિભાગ,<br>
બી. જે. મેડીકલ કોલેજ,<br>
સીવીલ હોસ્પિટલ, અમદાવાદ

- નિયામકશ્રી, ગુજરાત કેન્સર ઈન્સ્ટીટયુટ એન્ડ રીસર્ચ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ
- નિયામકશ્રી, ઈન્સ્ટીટયુટ ઓફ યુ.એન. મહેતા કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ
- નિયામકશ્રી, ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ
- નિયામકશ્રી, એમ. એન્ડ જે. ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલ્મોલોજી, સીવીલ હોસ્પિટલ, અમદાવાદ

<u>નકલ રવાના</u> :–

- વહીવટી અધિકારીશ્રી (મહેકમ), બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ સારું.
- વહીવટી અધિકારીશ્રી (હિસાબી) અને ટ્રેઝરરશ્રી, બી. જે. મેડીકલ કોલેજ અને ડેવલોપમેન્ટ સોસાયટી અમદાવાદ તરફ જાણ સારું.

<u>નકલ સવિનય રવાના</u> :–

- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં.૭, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (ત.શિ.), ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર

૧૨૫૨૮-૩૯

ક્રમાંક:ડીએમઇઆર/સીએમઇ/કોન્ફરન્સ/ખર્ચ મંજુરી/૨૦૧૭.૧૮/એ.૨/ /૧૭ (74)

આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી શિક્ષણ)ના
કમિશ્નરશ્રીની કચેરી,બ્લોક નં.૪,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
ફેકસ નં.૦૭૯-૨૩૨૫૦૫૪૮.ઇ-મેઇલ આઇડી:dd-me@gujarat.gov.in અને
Adddir.health.me1@gmail.com તારીખ.૨૬-૦૭-૨૦૧૭.

કચેરી આદેશ

વિષય: સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે સરકારી મેડીકલ કોલેજો ખાતે યોજાતા સી.એમ.ઇ. વર્કશોપ તેમજ કોન્ફરન્સ અંગે નાણાંકીય સહાય બાબતે.....

ઉપરોકત વિષયે તબીબી શિક્ષણ હસ્તકની સરકારી મેડીકલ કોલેજો ખાતે એમ.સી.આઇ.ના નિયમાનુસાર યુ.જી. તેમજ પી.જી નાં વિદ્યાર્થીઓનાં અભ્યાસના ભાગ રુપે સી.એમ.ઇ. વર્કશોપ / કોન્ફરન્સનું આયોજન કરવામાં આવતું હોઇ સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે મેડીકલ કોલેજો ખાતે સી.એમ.ઇ. વર્કશોપ તેમજ વિવિધ કોન્ફરન્સનાં આયોજન અંગે જે તે મેડીકલ કોલેજ ડેવલપમેન્ટ સોસાયટીની જનરલ બોડીની મીટીંગમાં ઠરાવ પસાર કરી અને મંજુર કરાવી મેડીકલ કોલેજ ડેવલપમેન્ટ સોસાયટી માટે સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટમાંથી અધિકતમ રૂા. ૧,૦૦,૦૦૦/- ( અંકે રુપિયા એક લાખ પુરા ) સુધીની રકમ સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમોને ધ્યાને રાખી નીચે જણાવ્યા મુજબની શરતોને આધીન ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) ગેસ્ટ લેકચરરને રાજય સરકારશ્રીનાં સમકક્ષ અધિકારીને મળવાપાત્ર થતાં ભથ્થાં પ્રમાણે પ્રવાસ અને એકોમોડેશન ખર્ચ ચુકવવા રહેશે.

(૨) રીફ્રેશમેન્ટ ચાર્જીસ પેટે સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમોને આધીન ખર્ચ કરવાનો રહેશે.

(૩) વધારાનો ખર્ચ સ્પોન્સરર અને રજીસ્ટ્રેશન ફીની આવકમાંથી કરવાનો રહેશે.

(૪) સદરહું બાબતનાં ખર્ચનાં વાઉચરો અસલ નહીં પરંતુ હિસાબનો અહેવાલ ખર્ચ વાઉચર્સના પત્રક અત્રે મોકલી આપવાના રહેશે.

(૫) રાજયની અન્ય મેડીકલ કોલેજમાંથી નોમીનેટ કરેલ બે તબીબી અધિકારીને રજીસ્ટ્રેશન ફીમાંથી મુકતિ આપવાની રહેશે.

તેવીજ રીતે જી.એમ.ઇ.આર.એસ. સંચાલિત મેડીકલ કોલેજો માટે એમ.સી.આઇ.ના નિયમાનુસાર સદર ખર્ચ સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટમાંથી ઉકત શરતોને આધીન ચેરમેનશ્રીની મંજુરી મેળવી અધિકતમ રૂા.૧,૦૦,૦૦૦/- ( અંકે રુપિયા એક લાખ પુરા ) સુધીની રકમનો સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમોને આધિન ખર્ચ કરવા તેમજ સદરહું બાબતનાં ખર્ચનાં વાઉચરો અસલ નહીં પરંતુ હિસાબનો અહેવાલ ખર્ચ વાઉચર્સના પત્રક જી.એમ.ઇ.આર.સોસાયટી, ગાંધીનગરની કચેરી ખાતે રાખવાના રહેશે.

અત્રેની કચેરીની નોંધ ઉપર માન. કમિશ્નરશ્રી (આરોગ્ય) એ તા. ૧૫ - ૭ - ૨૦૧૭ના રોજ આપેલ મંજુરી અન્વયે.

અધિક નિયામક,
તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.

પ્રતિ,

(૧) તમામ સરકારી મેડીકલ કોલેજો, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ/ભાવનગર/જામનગર તરફ.

(૨) ચીફ એકઝીકયુટીવ ઓફીસરશ્રી, જી.એમ.ઇ.આર. સોસાયટી, ઓ-બ્લોક, ચોથો માળ, ન્યુ ઓ.પી.ડી. બિલ્ડીંગ, સિવીલ હોસ્પિટલ કેમ્પસ, પથિકાશ્રમ હોટલની સામે, સેકટર-૧૨, ગાંધીનગર.

(૩) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / ભાવનગર / જામનગર.